ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.
ફોન ૨૩૩૮૨૮૧-૮૬ ફેકસ ૨૩૩૭૯૧૮ ૨૩૩૮૧૬૪

ક્ર જીયુવીએનએલ-ટેક-ડા.ઝોન-૧૧૩૦ તા.૨૧-૪-૧૨

ફેકસ દ્વારા

પ્રતિ,
મુખ્ય ઇજનેરશ્રી
મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી
કોર્પોરેટ આફિસ - વડોદરા - સુરત - મહેસાણા - રાજકોટ

વિષય - રાજયના ડાર્કઝોન વિસ્તારોમાં ખેતી વિષયક વીજ જોડાણ આપવા બાબત.
સંદર્ભ - ઉ અને પે વિભાગ ગાંધીનગરનો તા. ૧૨.૪.૧૨ નો પત્ર.

નર્મદા જળ સંપતી, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગના તા. ૨૭.૩.૧૨ ના ઠરાવ ક્ર. જીડબલ્યુઆર - 2003 - ૧૪ - જ ૧ - દ્વારા રાજયના જાહેર થયેલ ૫૭ તાલુકાઓમાંથી ખેતી વિષયક વીજ જોડાણ આપવા પર મૂકવામાં આવેલ પ્રતિબંધ ઉઠાવી લેવામા આવેલો છે. પ્રસ્તુત ઠરાવમાં જણાવ્યા પ્રમાણે ડાર્કઝોનમાં અગાઉ નોંધાયેલ પડતર અરજીઓને અગ્રતા ક્રમે વીજ જોડાણ આપવાની કામગીરી અરજદાર ડ્રીપ/ સ્પ્રીંકલર સિંચાઇ પધ્ધતિનો અમલ સ્વીકારે એ શરતે હાથ ધરવાની રહેશે. સદર કામગીરી માટેની રૂપરેખા / માર્ગદર્શન / શરતો વગેરે આ સાથે સામેલ કરેલ છે. જે ધ્યાને લઇ કામગીરી હાથ ધરવા અનુરોધ છે.

બીડાણ - ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

[signature]
મુખ્ય ઇજનેર (ટેક)

નકલ સાદર રવાના ના. દાયરેક્ટર ...,
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ સચિવાલય ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા.
- ડાયરેકટરશ્રી (એડમીનીસ્ટ્રેશન) જીયુવીએનએલ વડોદરા.
- સરકારી સદર્ભ વિભાગ જીયુવીએનએલ વડોદરા.

## ડાર્કઝોન હેઠળ આવરી લેવામાં આવેલ તાલુકાઓમાં કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટેના સુચનો

### સબ ડીવીઝન સ્તરે કરવાની થતી કામગીરી

૧) સદર યોજના અન્વયે નોંધાયેલ પડતર અરજીઓનો નિકાલ વિજ તંત્ર પર પડનારા બોજ, ઉપલબ્ધ માળખાગત સુવિધા અને વિજ પુરવઠાની વખતો વખતની પરિસ્થિતિ ધ્યાને લઇને, તબક્કાવાર કરવામાં આવશે. એ મુજબ ડાર્કઝોન વિસ્તારમાં ખેતી વિષયક નવીન વિજજોડાણોની માંગણી માટે નોંધાયેલ પડતર અરજદારો પૈકી પ્રથમ તબક્કામાં વીજ વિતરણ કંપનીની પેટા વિભાગીય કંપનીની કાર્યક્ષમતા આધારિત મહત્તમ અરજદારોને આવરી લેવાના હોવાથી અરજદારે ..... ગુ.વી.કં.લી. ની સ્થાનિક પેટા વિભાગીય કચેરીએ અગાઉ અરજીની નોંધણી કરાયેલ હોવી જોઇએ.

૨) જે-તે પેટા-વિભાગીય કચેરી હેઠળ આવતા અરજદારોને જનરલ પ્રાયોરીટી મુજબ રજિસ્ટર એડી. થી યોજનાની જાણ કરવાની રહેશે. તથા સાથે અરજીનો નમૂનો, જરૂરી દસ્તાવેજોની યાદી , તથા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા માન્યતા પ્રપ્ત સપ્લાયરોની યાદી અને અરજદારો ધ્વારા કરવાની થતી કામગીરીની યાદી મોકલી આપવાની રહેશે.

૩) પેટા-વિભાગીય કચેરી દ્વારા અરજીની પ્રાથમિક તપાસણી કર્યા બાદ ટેકનિકલ રીતે પાત્રતા ધરાવતી અરજદારની ટપક પધ્ધતિની અરજી તથા એ-૧ ફોમ જરૂરી દાખલાઓ સહીત જી.જી.આર.સી. ને મોકલવાના રહેશે. અરજદારે જી.જી.આર.સી. દ્વારા મળેલ વર્ક ઓર્ડરના નાણાં ભરપાઈ કર્યાબાદ પેટા-વિભાગીય કચેરીએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

(અ) અરજદાર સાથે ફોર પાર્ટી એગ્રીમેન્ટ સબંધીત કચેરીના નાયબ ઈજનેરે કરવું

(બ) ફોર પાર્ટી એગ્રીમેન્ટની ઈન્ટીમેશન (સુચના) જી.જી.આર.સી.તરફથી વીજ વિતરણ કંપનીની સ્થાનિક પેટા વિભાગીય કચેરીને મળ્યાના અગ્રાતાક્રમ મુજબ અંદાજપત્ર આપવાનું રહેશે.

(ક)અંદાજપત્રના નાણાં ભરાયા બાદ ૧૨૦ દિવસમાં કામ પુર્ણ કરવાનું રહેશે.

૪) અરજદારની પડતર અરજી અન્વયે સ્થળ મોજણી વખતે માંગણીવાળા સર્વે નંબરમાં બોર/કૂવો હયાત ન હોય તો, તે અંગે આ સાથે બિડેલ નમૂના મુજબની નોટીસ અરજદારને રૂબરૂ સ્થળ ઉપર તેમની સહી લઈને આપવાની રહેશે, અરજદાર દ્વારા સંલગ્ન પેટા વિભાગીય કચેરીને બોર/કૂવો બનાવ્યા બાબતની જાણ નમુનો-૧૬ સહી સિક્કા સાથે રજુ કરાતાં, ત્યાર બાદ સ્થળ ઉપર વીજ કનેકશન માટેની તાંત્રીક મોજણી કરી અંદાજપત્ર આપવા અંગેની આગળની કાર્યવાહી કરી શકાય. બોર / કુવો બનાવવા માટે વધુમાં વધુ ત્રણ (૩) માસની મુદત આપવાની રહેશે. ત્યારબાદ અરજી દફતરે કરવાની રહેશે. આ અંગેની લેખીત જાણ ઉપરોકત સ્થળ ઉપરની નોટીસમાં કરવાની રહેશે.

૫) ખેતી વિષયક નવીન વીજજોડાણ, ફકત એજી ડોમ ફીડર ઉપરથી અને એચ.વી.ડી.એસ. પ્રણાલી મુજબ આપવાના રહેશે.

૬) સ્થળ મોજણીનું કામ જે તે સંલગ્ન પેટા વિભાગીય કચેરીના જુની.ઈજનેર/નાયબ ઈજનેર દ્વારા કરવાનું રહેશે. જેની નોંધ સ્થળ મોજણી દરમ્યાન હાજર અરજદાર અથવા તો તેના પ્રતિનિધિની સહી સાથે કરવાની રહેશે.

૭) અંદાજપત્ર સામાન્ય યોજનાના પ્રવર્તમાન નિયમ મુજબ આપવાનું રહેશે.

૮) અંદાજપત્ર આરપીએડીથી આપવાનું રહેશે જેની પહોંચ પેટા વિભાગીય કચેરીએ જણાવાની રહેશે. આરપીએડીથી પરત આવે તેવા સંજોગોમા અન્ય યોગ્ય માધ્યમ દ્વારા કાયદેસરના અરજદાર ને રૂબરૂ અંદાજ પત્ર સમય મર્યાદા પૂરી થાઈ પહેલા પોહચાડવાના રહેશે તથા તેના આધાર પુરાવા જણાવાના રહેશે.

૯) જીજીઆરસી ધ્વરા એફપીએ થયાની ભલામણ કરેલ અરજીને પ્રાયોરીટી પ્રમાણે અંદાજપત્ર આપવામાં આવશે.

૧૦) સદર યોજના હેઠળ આપવાના થતાં વીજ જોડાણ માટે ડ્રીપ ઇરીગેશન / સ્પ્રીંકલર સીસ્ટમ હેઠળ ડાર્કઝોન નામની અલગ સ્કીમ ઉભી કરી ઇ-ઉર્જામાં અલગ રેકોર્ડ રાખવાનો રહેશે.

## <u>અરજદારે કરવાની થતી કાર્યવાહી</u>

૧) આ સ્કીમ હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ મેળવવા માટે ખેડુતે ફરજીયાત પણે ડ્રીપ/ સ્પ્રીંકલર નો પધ્ધતિ અમલ કરવાનો રહેશે.

૨) સદર વિસ્તારમાં સરકારશ્રીની સુચના અન્વયે ડાર્કઝોન વિસ્તારમાં અગાઉ નોંધાયેલ અરજી માટે ખેતી વિષયક નવીન વીજ જોડાણ, જે અરજદાર ટપક સિંચાઈ/ સ્પ્રીંકલર પધ્ધતિ અપનાવે તેને જ આપવાનું હોવાથી, અરજદારની સંમતિ સાથેની અરજી આ સાથે બીડેલ નમુના પ્રમાણે સાદા કોરા કાગળ ઉપર સુવાચ્ય અક્ષરે, નોંધણી ફી ભરેલ અસલ પાવતીની નકલ તથા ૭/૧૨, ૮-અ, ૬-ક હકકપત્રક, ચતુઃસીમાનો નકશો/દાખલો તેમજ કુવો ભાગીદારીમાં હોય તો ભાગીદારોનું નોટરીરાઈઝ સમતીપત્ર ના ઉતારાઓ (વર્ષ-૨૦૧૨) સાથેની અરજી વીજ કંપનીની સંલગ્ન પેટા વિભાગીય કચેરીએ ૧૫ દિવસના સમયગાળા દરમ્યાન રજુ કરવાની રહેશે.

૩) સિંચાઈ માટેની બદલાયેલ પરિસ્થિતિ બાબતે અરજદાર દ્વારા, કોઈ પણ કારણોસર નોંધાયેલ મુળ અરજીના સ્થળફેર માટેની માંગણી કરાતા, તે જ પેટાવિભાગીય કચેરીના તાબા હેઠળના તે જ ગામમાં અથવા અન્ય ગામના સર્વે નંબરમાં, જરૂરી દસ્તાવેજ પુરાવા રજૂ કરાતાં પરિપત્ર નબર:જીયુવીએનએલ - ટેક-૭૮૧-૧૩.૩.૨૦૧૨ મુજબ માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે, તેમજ માંગેલ મૂળ વિજભારમાં પણ અરજદારની અધતન માગણી મુજબ ફેરફાર કરી શકાશે. પરંતુ અરજદારે ડ્રીપ/ સ્પીંકલર ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવાની રહેશે.

૪) અરજદારે માંગણી કરેલ સર્વે નંબરમાં ઓછામા ઓછી ૨ એક જમીન અથવા કૂલ જમીનના ૫૦ ટકા ભાગ – એ બે પૈકી જે વધુ જમીન હોય એ જમીનમા અરજદારે ડ્રીપ ઇરીગેશન / સ્પ્રીંકલર સીસ્ટમ સ્વીકારવાની રહેશે. જે અરજદાર પાસે બે એકર કે તેથી ઓછી જમીન હોય એવા કિસ્સાઓમાં માંગણી કરેલ સર્વે નંબરની તમામ જમીન ઉપર ડ્રીપ ઇરીગેશન / સ્પિંકલર સીસ્ટમ સ્વીકારવાની રહેશે.

૫) અરજદારની અગાઉ નોંધાયેલ અરજીના સર્વે નંબર ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ટીપીએ કરાવેલ હોય અથવા ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ વસાવેલ હોય અને માંગેલ સર્વે નંબરમાં અન્ય કોઇ વીજ જોડાણ ન હોય એવા સંજોગોમાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની ભલામણ થયેથી વીજ જોડાણની કામગીરી હાથ ધરી શકાય.

૬) સદર ખેતી વિષયક વિજ ગ્રાહકોએ સામાન્ય મીટર ટેરીફ મુજબ વિજ બીલ ભરવાનું રહેશે, વધુમાં સદર વિજ જોડાણ બે વર્ષના કરારનામાના સમયગાળા દરમિયાન બંધ કરાવી શકાશે નહીં કે અન્ય જગ્યાએ સીફટીંગ પણ કરાવી શકાશે નહીં.

૭) અંદાજપત્રના નાણાં નિર્ધારીત કરાયેલ એક માસની સમયાવધિમાં ભરવાના રહેશે. પરંતુ યોગ્ય કારણસર મુદત વધારો માગવામાં આવતાં સામાન્ય ખેતીવાડીના અરજદારોને લાગુ થતા પ્રવર્તમાન નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૮) નવીન વીજ જોડાણ માટેનું જરૂરી વીજ માળખુ ઉભુ થયા બાદ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા ટ્રાયલ રન સર્ટીફીકેટ આપવાનો રહેશે.

૯) નવીન વિજજોડાણ આપવા માટેનું જરૂરી વિજ માળખું ઉભુ થયા બાદ અરજદારે ટેસ્ટ રિપોર્ટ આપવાનો રહેશે, જે વધુમાં વધુ બે માસની મુદતમાં જમા કરવવાનો રહેશે. ત્યારબાદ પ્રવર્તમાન નિયમ મુજબ લઘુત્તમ માસિક વિજબીલ વસુલ કરવામાં આવશે

--------------

અરજીનો નમૂનો

અરજદારનું નામ
સરનામું
ગામ તાલુકો – જીલ્લો
ફોન નંબરઃ
તારીખ

પ્રતિ,
નાયબ ઈજનેરશ્રી,
..................... પેટાવિભાગીય કચેરી:
..................

*વિષયઃ ડાર્કઝોન વિસ્તારમાં સમાન્ય યોજના હેઠળ નોંધાયેલ ખેતીવિષયક વીજજોડાણની અરજીના અનુસંધાને.*

*ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે, મે ખેતી હેતુ વીજજોડાણ લેવા માટે તા................ ના રોજ આપની કચેરીમાં રસીદ નં. .......... થી પૈસા ભરી અરજી નોંધાવેલ છે. પૈસા ભરેલ પહોંચની નકલ તેમજ વર્ષ ૨૦૧૨ ના અદ્યતન ૭-૧૨, ૮-અ તેમજ ૬- ક હકક પત્રકના ઉતારાઓની પ્રમાણિત નકલ આ સાથે સામેલ કરેલ છે. સદર યોજના હેઠળના નિયમો અનુસાર વીજ-જોડાણ લેવા માટેની હું નીચે મુજબની સંમતી આપુ છું.*

*૧. હું નીચે સહી કરનાર શ્રી.......................... સદર યોજનામાં ટપક સીચાંઈ / સ્પ્રીંકલર પધ્ધતિ સ્વીકારવા સંમતિ આપુ છું.*

*૨. તે માટે ભરવાના થતા નાણાં હું ભરપાઈ કરવા તૈયાર છું, અને જી.જી.આર.સી. ના નિયમ અનુસાર મારી બે એકર જમીન અથવા મારી કુલ જમીનનો અડધો ભાગ માંથી જે વધારે હોય એટલી જમીનમાં ટપક સીચાંઈ /સ્પ્રીંકલર પધ્ધતિ બેસાડવા સમંત છું. તેમજ જી.જી. આર. સી. ના તમામ નિયમો મને બંધન કર્તા રહેશે. વધુમા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની દ્વારા નકકી થયેલ સમય મર્યદામાં અમો જીજીઆરસીનુ ભાવપત્રક ભરીને ફોરપાર્ટી કરાર કરીને જીજીઆરસીની જરૂરી મંજૂરી મેળવી લેવા બંધાયેલા છીએ. સદર માંગણીવાળા સર્વે નંબરમાં આ અગાઉ કોઈ ખેતીવિષયક વીજજોડાણ કોઈપણ યોજનામાં મેળવેલ નથી. બિડાણ ઉપર મુજબ*

આપનો વિશ્વાસુ

*(અરજદારની સહી)*

કંપનીનુ
લેટર હેડ

પ્રતિ

...............

...............

...............

વિષય - સ્થળ ઉપર કુંવો/બોર ન હોવા અંગેની નોટીસ
સંદર્ભ – તા.                    ના રોજ કરેલ પંચનામુ

તા................. ના રોજ ગુજરાત વિજ કંપનીના સક્ષમ અધિકારીશ્રીએ તથા આપ અથવા આપના પ્રતિનીધિએ આપે જે જગ્યાએ બોર કૂવો કરવા માટે માંગણી કરેલ હતી એ જગ્યાએ બોર – કૂવો નહિ હોવા સબબ સહી કરેલ હતી. એ ઉપરની હકીકતો અનુસંધાને જાણ કરવાની કે, આજની તારીખથી ત્રણ (૩) મહિનાની અંદર કુવો/બોર કરીને આપના દ્વારા સબંધિત પેટા-વિભાગીય કચેરીને લેખીત અરજીથી જાણ કરવાની રહેશે નહિતર આપની અરજી રદ ગણીને દફતરે કરવામાં આવશે. ત્યારબાદ આપનો વિજ-કનેકન મેળવવા અંગેનો કોઈ દાવો ગ્રાહય રાખવામાં આવશે નહિ.

અધિકારીનું નામ
અધિકારીની સહી

પંચનામું

તારીખ-

સમય-

સ્થળ-

આજે તા.................. ના રોજ ગુજરાત વિજ કંપનીના સક્ષમ અધિકારી અરજદાર શ્રી ........................ એ તા. ............... ના રોજ ખેતી વિષયક વીજ જોડાણ માટે અરજી કરતા કુવા / બોરની ચકાસણી માટે રૂબરૂ અરજીમા ઉલ્લેખ થયેલ સર્વે નંબરમા ગયા હતા. સ્થળ પર રૂબરૂ ચકાસણી કરતા સદર સર્વે નંબરમા કોઇ જગ્યાએ કુવા / બોર નહીં હોવાનુ ધ્યાને આવેલ છે. જે સબબ અમો અરજદારશ્રી અથવા તેના પ્રતિનિધિ દ્વારા ......... દ્વારા કૂવો / બોર નહીં હોવા સબબ સમજી વિચારીને સહી કરી આપેલ છે.

રૂબરૂ

અરજદાર નુ અથવા અરજદારના પ્રતિનિધીનું નામ
સરનામુ ફોન નંબર તથા સહી

અધિકારીશ્રીનો હોદો અને સહી